શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનું મુખપત્ર

# દિશાવાળ સૌરભ

ટ્રસ્ટ રજી નં. : A/3567
RNI No. GUJGUJ/2002/7890

ટ્રસ્ટ રજી. નં. : એ -3567 "રસિકલાલ રંગવાલા સદન" - 5, પહેલો માળ, વાલ્મિક કોમ્પ્લેક્સ, કાલુપુર બેંકની સામે, પરિમલ ગાર્ડન, અમદાવાદ.
website : www.ads-online.in | Email : dishawalsaurabh@yahoo.com | Mob. : 95123 40532

● સ્થાપના વર્ષ : ૧૯૯૯ ● વર્ષ : ૨૦૨૩ ● અંક : ૧ ● સળગં અંક : ૨૧૬ ● ફેબ્રુઆરી ૨૦૨૩ ● કિંમત રૂા. ૩/-

## "પરિણય સેતુ - ૨૦૨૨ વિશેષાંક"















## પરિણય સેતુ ઝાંખી

**શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા 11મું "પરિણય સેતુ" લગ્નોત્સુક યુવક યુવતી પરિચય સંમેલન નું ભવ્ય આયોજન તા. 25.12.2022 ને રવિવારે પંડિત દિન દયાળ હોલ અમદાવાદ ખાતે થયું હતું જેમાં 850 છોકરા-છોકરીઓએ ભાગ લીધો હતો.**








આ સમગ્ર કાર્યક્રમની શરૂઆત ખુબ જ ઉત્સાહ પૂર્વક અને ખુશનુમા વાતાવરણ માં થઈ હતી. સૌ મહાનુભાવોની હાજરીથી 'પરિણય સેતુ' નો જાજરમાન સ્ટેજ શોભી રહ્યો હતો. અગ્નિની શાક્ષી એ સૌ મહાનુભાવો તથા ટ્રસ્ટી તેમજ હોદ્દેદારો ની હાજરી માં દીપ પ્રાગટ્ય થયું અને ત્યારબાદ ઈશ્વરનું નામ લઈ એટલકે પ્રાર્થનાથી શરૂઆત થઈ હતી.




ત્યારબાદ 'સમારંભ ઉદ્ઘાટક' શ્રીમાન કિરીટભાઈ કાંતિલાલ શાહ દ્વારા ડીજીટલી રિમોટ દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.







# પ્રમુખ શ્રી ની કલમે ...

નમસ્તે,

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા તા. 25.12.2022 ના રોજ 11મું યુવક-યુવતી પરિચય પસંદગી સંમેલન 2022 "પરિણય સેતુ" ખુબજ ભવ્ય રીતે યોજાઈ ગયું. સંમેલન માં કુલ 850 જેટલા યુવક-યુવતીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે અત્યાર સુધીના 11 સંમેલન માં સૌથી વધુ છે. તેમજ 9 જેટલા મહાનુભાવો [પદ્મશ્રી ડો. પંકજભાઇ, શ્રી કિરીટભાઈ, શ્રી સુભાષભાઇ, શ્રી સૌરીનભાઇ વગેરે] હાજર રહી સંમેલન ને ચાર ચાંદ લગાવી દીધા હતા.

વધુમાં જેઓએ સમાજ માટે પોતાની જિંદગી સમર્પિત કરી દીધી છે તેવા ગણમાન્ય વ્યક્તિઓને પ્રતિષ્ઠિત એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા.

શ્રી કિરીટભાઇ કાંતિલાલ શાહ [પ્રમુખ ] - લાઈફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા.

શ્રીમતિ સરલાબેન અરવિંદભાઈ શાહ [ચેરપરસન લેડીઝ વિંગ] "સ્ત્રી સેવા સન્માન" થી સન્માનિત કરવામાં આવ્યા.

દિશાવાળ રત્ન સ્વ. શ્રી રસિકલાલ નાથાલાલ શાહ [રંગવાલા] આદ્યસ્થાપક - શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ "દિશાવાળ શિરોમણિ મરણોત્તર એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા.

સવારે 8 વાગ્યાથી શરુ કરી સાંજે 5 વાગ્યા સુધી કાર્યક્રમ ધમધમતો રહ્યો, લગભગ 500 જેટલા યુવક-યુવતીઓએ સ્ટેજ પર આવી પરિચય આપ્યો, જે કાર્યક્રમની સફળતા દર્શાવે છે.

સુંદર વ્યવસ્થા અને સફળ સંચાલન થકી કાર્યક્રમ ખુબ સફળ રહ્યો સમગ્ર વૈષ્ણવ વણિક સમાજ ના અગ્રણીઓ હાજર રહયા હતા. જેઓએ કાર્યક્રમ ની ખુબ પ્રશંસા કરી કાર્યક્રમ ને બિરદાવ્યો હતો.

સંમેલનની જળહળતી સફળતા માટે અમે સૌ હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને કાર્યકરો લગભગ 3-4 મહિનાથી અથાગ મહેનત કરતા હતા જેમાં ખાસ કરીને અમારા સાથી દેવાંગભાઇ શાહ, દીપકભાઇ, અશોકભાઈ, શ્વેતલભાઈ, જીગ્નેશભાઇ, ટ્રસ્ટી શ્રી જગદીશભાઇ તેમજ જેઓ કોઈ હોદ્દા ધરાવતા નથી તેમ છતાં હોદ્દેદારોની સાથે ખભે થી ખભા મિલાવી કાર્ય કર્યું છે તેવા સત્યમભાઇ, બિજલબેન, હર્ષદભાઈ, ધીરેનભાઈ, હિરેનભાઇ, દિનેશભાઈ, રૂપલભાઇ વગેરે સૌ એ ખૂબજ જહેમત ઉઠાવી સંમેલન ને સફળ બનાવેલ છે. જે સૌ નો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

મહિલાવીંગ ના પ્રમુખ શ્રીમતી દક્ષાબેન અને તેમની કારોબારી નો પણ હું આભાર માનું છું.

તેમજ દાતાઓ, જાહેરાત આપી સહયોગ આપનાર તમામ નો હું આભાર માનું છું.

આ ઉપરાંત કાર્યક્રમ ને સફળ બનાવવા બદલ તમામ વ્યક્તિઓ, સંસ્થાઓ, તેમજ એજન્સીઓનો આભાર માનું છું .

**દેવાંગ દેસાઇ**
**- પ્રમુખ**




**૧૧મું લગ્નોત્સુક યુવક- યુવતી પરિચય પસંદગી સંમેલન - 2022**




સુંદર રંગોળી

"શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ" નો ગૌરવ સભર ઇતિહાસ રજુ કરતી "દિશાવાળ ગૌરવ ગાથા" રજુ કરવામાં આવી હતી જેમાં સ્થાપનાથી અત્યાર સુધીનો સમાજનો ઈતિહાસ પીરસવામાં આવ્યો હતો. જે ખુબ જ સરાહનીય રહ્યો હતો.







"શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ" ના પ્રમુખ શ્રી દેવાંગભાઈ દેસાઈ દ્વારા એમની આગવી શૈલીમાં સૌ મહાનુભાવો, યુવક યુવતી તેમજ અન્ય મહેમાનોને ખુબજ આદર પૂર્વક આવકાર્યા હતા.

સમારંભ પ્રમુખ પદ્મશ્રી શ્રીમાન ડૉ. પંકજભાઈ એમ. શાહ દ્વારા તેમનું શોભાસ્પદ ઉદબોધન કરવામાં આવ્યું હતું અને તેમના ઉદબોધન થી યુવક-યુવતી તેમજ સમાજ ને એક મોટિવેશન મળ્યું હતું.





ત્યારબાદ સમારંભ ઉદ્ગાટક શ્રીમાન કિરીટભાઈ કે. શાહ દ્વારા હ્રદયસ્પર્શી ઉદબોધન કરવામાં આવ્યું હતું. અને તેમના ઉદબોધનમાં તેમણે યુવક-યુવતીને બાંધછોડ કરવાની પ્રેરણા આપી હતી.





# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ના સભ્ય માટે ખાસ અગત્યનું.....

દરેક સભાસદ સભ્યને વિનંતી કે આ સાથે મોકલેલ ગૂગલ ફોર્મની લિંક દ્વારા આપની સભાસદ અંગેની લેટેસ્ટ માહિતી ભરી ફોર્મ સબમિટ કરશો. ગુગલ ફોર્મની લીંક સમાજની વેબસાઈટ **ads-online.in** માં મળી રહેશે. તેમજ સમાજના /જ્ઞાતિના વોટ્સએપ ગ્રુપમાં પણ મુકવામાં આવશે તો જરૂરથી ગુગલ ફોર્મ ભરશો.

આ વિગતો ખુબ અગત્યની છે. ભવિષ્યમાં આપણું મેગેઝિન ‘‘દિશાવાળ સૌરભ’’ ની ડિજિટલ આવૃત્તિ આપને વેબસાઈટ, ઈ-મેલ અને વોટ્સએપ ના માધ્યમ થી મોકલવાનું વિચારાધીન છે. આ સાથે સંસ્થા ના દરેક કાર્યક્રમની માહિતી આપને તુરંત અને ઝડપ થી મળી રહે તે માટે એક પ્રયાસ છે. આપના સહકારની અપેક્ષા સહ.

## સભ્યો માટે મેડિકલ ટેસ્ટ

ઈ.એસ. હેલ્થકેર સેન્ટર અને શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ના સંયુક્ત પ્રયાસ અને ઈ.એસ. હેલ્થકેર સેન્ટર ના સ્પોન્સરશીપ થકી શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના તમામ જ્ઞાતિજનોની હેલ્થ ચકાસણી માટે એક સ્પેશિયલ બુકલેટ તૈયાર કરવામાં આવેલ છે જેમાં ફ્રી આઈ ચેકઅપ, ફ્રી ડેન્ટલ ચેકઅપ, ફ્રી ડાયટેશીયન કન્સલ્ટેશન, સાયકોલોજીસ્ટ કન્સલ્ટેશન તેમજ પેથોલોજી - રેડિયોલોજી - કાર્ડિયોલોજી અને ડોકટર કન્સલ્ટેશનમાં ફ્લેટ ૩૦ ટકા ડિસ્કાઉન્ટ અને તમામ દવાઓ ઉપર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તે ઉપરાંત **કાર્ડિયાર્ક ચેકઅપ પેકેજ ફક્ત રૂપિયા ૪૯૯** અને **બેઝિક હેલ્થ ચેકઅપ પેકેજ રૂપિયા ૩૯૯** માં...... આ પ્રકારની બુકલેટ તમામ જ્ઞાતિજનો માટે આપવામાં આવેલ છે જે નીચેના સરનામાંથી રૂબરૂ મળી શકશે. **ઉપરોક્ત સેવાનો લાભ લેવા તમામ જ્ઞાતિજનોને આગ્રહભરી વિનંતી.....**

**શ્રી અશોકભાઈ**
ઓજસ પ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનરી
દાણાપીઠ ફાયર સ્ટેશનની બાજુમાં, અમદાવાદ.
ટેલી.: ૦૭૯-૨૨૧૪૧૫૦૭
બપોરે ૧૨.૦૦ થી સાંજે ૫.૦૦ દરમ્યાન

**શ્રી મુકેશભાઈ શાહ**
વિકાસ પાઈપ સિન્ડિકેટ
રવિ ચેમ્બર્સ ગ્રાઉન્ડ ફ્લોર, રીલીફ રોડ,
અમદાવાદ. મો. ૯૪૨૭૬ ૧૬૯૭૭
બપોરે ૧૨.૦૦ થી સાંજે ૫.૦૦ દરમ્યાન

**શ્રી દેવાંગભાઈ કીર્તિકુમાર શાહ**
૧૮, રંગ વિહાર સોસાયટી, મોર્ડન ફ્લેટ પાસે,
શંકર આશ્રમ રોડ સામે, પી.ટી. કોલેજ રોડ,
પાલડી. મો. ૯૮૯૮૧ ૯૧૨૦૦
બપોરે ૯ થી ૧ સાંજે ૫ થી ૮

**શ્રીમતી પ્રફુલાબેન વિરેન્દ્રકુમાર શેઠ**
‘‘પવનસુત’’, ૧૭-એ, ન્યુ યોગેશ્વર સોસાયટી
પારસપ્રભુ સોસાયટી પાસે, ઈસનપુર, અમદાવાદ.
મો. ૯૧૭૩૪ ૫૫૫૭૫
સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન

**શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ઓફિસ**
૫, વાલ્મિક કોમ્પલેક્ષ, પહેલા માળે,
પરિમલ ગાર્ડન ની સામે, અન્ડરબ્રિજ કોર્નર,
કાલુપુર બેંકની સામે, એલીસબ્રિજ, અમદાવાદ.
સોમવાર થી શનિવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમ્યાન


HDFC securities
Click. Invest. Grow. 20 YEARS

**The story of your successful investments starts here, pick a stock and just.. rock!**

Why HSL?

- Instant account opening with Digital process
- Zero a/c opening charges
- Flat ₹20/order in F&O
- Same day payout upto ₹5 Lac with enCash facility
- Value plans for equity
- 0% interest on margin against collateral for F&O trades
- Zero Registration charges on Basket investment
- Dedicated Relationship Manager

*Account would be opened after all procedure relating to IPV and client due diligence is completed. Brokerage will not exceed the SEBI prescribed limit. Investments in securities market are subject to market risks, read all the related documents carefully before investing.*
*Disclaimer & SEBI Registration Details : https://www.hdfcsec.com/article/disclaimer-1795*
*T&C https://www.hdfcsec.com/account-open-value-plans https://www.hdfcsec.com/Products/FAQ/13299*



# શોકાંજલિ

**શ્રી મુંબઈ દિશાવાળ સમાજના પ્રમુખ શ્રીમતી શકુંતલાબેન નીતિનજી પારેખ** તા. ૯-૧૨-૨૦૨૨ના રોજ શ્રીજીચરણ પામ્યાના સમાચાર સાંભળી સમગ્ર શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના હોદ્દેદારોશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને સમગ્ર કારોબારી સભ્યો ઉંડા આઘાતની લાગણી વ્યક્ત કરે છે.

સ્નેહના સાગર સમા, હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મધુર સ્મિત અંતરમાં ઉર્મિ અને હાથમાં લેખન માટેની કલમ હંમેશા રાખી, એક અલગ પ્રતિભા એટલે **શ્રીમતી શકુંતલાબેન પારેખજી... "દિશાવાળ જ્યોતિ"**ના તંત્રી તરીકે અને **શ્રી મુંબઈ દિશાવાળ સમાજ** માં વિવિધ પદ ઉપર સેવા આપી પ્રમુખપદની સફળતાપૂર્વકની સફર ખરેખર લોકલાગણીથી જ શક્ય બનેલ છે.

શ્રીમતી શકુંતલાબેનનો માયાળુ સ્વભાવ, પરિવાર પ્રત્યે ઉદારભાવના અને છેવાડાના જ્ઞાતિજન પ્રત્યે આદર અને તેઓ માટે કાંઈક કરી છુટવાની ભાવનાને કોઈપણ દિશાવાળ ભાઈ-બહેન ભુલી શકે તેમ નથી.

એક રથના બે પૈડા સમાન શ્રી મુંબઈ દિશાવાળ સમાજ અને શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનો નાતો જીવંત રાખવામાં પણ શ્રીમતી શકુંતલાબેન અગ્રેસર રહેતા. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના કાર્યક્રમ પરિણય સેતુ - ૨૦૨૨માં હાજર રહીને પ્રસંગને શોભાયમાન બનાવવાનું શ્રીમતી શકુંતલાબેનનું પ્રોમીસ ખરેખર આઘાતમાં ફરી ગયું અને તેમને આવકારવા છલકતી આંખો આજે અશ્રુભીની થઈ ગઈ છે. બેનની સાથે વિતાવેલી ક્ષણો વાગોળતા હૈયુ ભરાઈ જાય છે અને તેઓનો મીઠો આવકાર હંમેશા કાનમાં ગુંજતો રહેશે.

જીવન અને મૃત્યુ એક ક્રમ છે અને તેમાં પામર મનુષ્યનું કાંઈ ચાલતુ નથી.

શ્રીમતી શકુંતલાબેન પારેખજીના આત્માને શ્રધ્ધાંજલિ - શોકાંજલી અર્પણ કરતાં આંખો અશ્રુભીની થઈ જાય છે. શ્રી ડૉ. નીતિનજી પારેખજી અને તેમના પરિવારજનો ઉપર આવી પડેલ આકસ્મિક આપત્તિને - આઘાતને સહન કરવાની શક્તિ અને હિંમત આપે તેમજ શ્રી મુંબઈ દિશાવાળ સમાજને ના પુરી શકાય તેવી ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી પરમકૃપાળુ પરમાત્મા અને શ્રી સિધ્ધાંબિકા માતાજીને નતમસ્તકે પ્રાર્થના.... અમો છીએ આપના.... અશ્રુભીની આંખે....

તથા સમસ્ત હોદ્દેદારો, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની હૃદયભીની શોકાંજલિ

---


APS®
AUSTRALIAN PREMIUM SOLAR

**આપની આવનારી પેઢીને વધારે સમૃદ્ધ અને સશક્ત બનાવીએ, ચાલો સૌરઊર્જા અપનાવીએ.**

લોન સુવિધા ઉપલબ્ધ

10,000+* સંતુષ્ટ ગ્રાહકો

રેસીડેન્શીયલ, કોમર્શીયલ, ઈન્ડસ્ટ્રીયલ સોલાર રૂફટોપ પ્રોજેક્ટ

**આજે જ સબસીડી નો લાભ મેળવો.**

૧ થી ૩ કીલોવોટ ૪૦% સબસીડી

૩ થી ૧૦ કીલોવોટ ૨૦% સબસીડી

કોમન મીટર ૨૦% સબસીડી

સ્વચ્છ ઊર્જા

ઓછું મેઈન્ટેનન્સ

૨૫ વર્ષ માટે ઊર્જા આત્મ-નિર્ભરતા

વધુ માહિતી માટે આજે જ તમારા APS સોલાર એક્સપર્ટનો સંપર્ક કરો.

**RAJ APPLIANCES**

મો.નં. ૯૮૯૮૦૫૨૦૨૭, ૯૮૯૮૦૫૨૧૨૬

વસંતનગર સોસાયટી, ભૈરવનાથ રોડ, મણીનગર.

સોલાર રૂફટોપ અપનાવો અને ૨૫ વર્ષ માટે વધતા વીજભાવની ચિંતામાંથી મુક્તિ મેળવો.

# શ્રી અમદાવાદ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ અને એજ્યુકેશન સોસાયટી
## ૩૧ મો શૈક્ષણિક ઈનામ વિતરણ / મિલન સમારંભ

તાજેરમાં તા. ૮-૧-૨૦૨૩ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ વાગે શેઠશ્રી જીવણલાલ ચિનાઈ હોલ, આસ્ટોડિયા ચકલા, અમદાવાદ ખાતે યોજાયેલ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે અમેરિકાથી આવેલ શ્રી હરીશભાઈ મનુભાઈ દુલ્લા અને મુખ્ય મહેમાન તરીકે મનીષભાઈ મહેન્દ્રભાઈ સરૈયાના સાનિધ્યમાં યોજાયો હતો.

સૌ પ્રથમ કું. ગીત ગુંજન શાહે પ્રાર્થના કરી સમારંભની શરૂઆત કરી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાનનો પરિચય અને બુકે આપી મંત્રીશ્રી સુનિલભાઈ શાહ અને અતિથિવિશેષશ્રી મનીષભાઈ મહેન્દ્રભાઈ સરૈયાનો પરિચય અને બુકે આપી જ્ઞાતિના ખજાનચી શ્રી ધીરેનભાઈ પરીખે સન્માન કર્યું હતું. ત્યારબાદ શ્રી મનીષભાઈ એમ. સરૈયા અને શ્રી હરીશભાઈ એમ. દુલ્લાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જેમાં ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપી જીવનમાં સારું શિક્ષણ મેળવી સમાજ અને જ્ઞાતિને તન, મન અને ધનથી સેવા આપવાનો અનુરોધ કર્યો હતો. ત્યારબાદ મંત્રીશ્રી હિમાંશુ શાહે ચાલુ વર્ષમાં આવેલ રૂા. ૬ લાખ આપનાર દાતાશ્રીઓના નામોની જાહેરાત કરી હતી. તે પછી જ્ઞાતિના પ્રમુખશ્રી મયંકભાઈ સરૈયા અને ઉપપ્રમુખશ્રી નિલેશભાઈ સરૈયાએ ૭૫ વર્ષ પુરા કર્યા હતા તેવા ૨૨ જ્ઞાતિજનોને શાલ અર્પણ કરી સન્માન્યા હતા.

ત્યારબાદ એજ્યુકેશન સોસાયટીના મંત્રી શ્રી સુનિલ શાહનું ગુજરાતમાં ક્રિકેટ ક્ષેત્રમાં મેનેજર તરીકે સેવા આપી હતી. તેઓનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું અને ૨૦૨૦ અને ૨૦૨૧માં જ્ઞાતિમાં સૌથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓનું ગોલ્ડમેડલ અને ચાંદીનો મેડલ આપી મુખ્ય મહેમાન શ્રી હરીશભાઈ દુલ્લા અને અતિથિવિશેષથી મનીષભાઈ સરૈયાએ સન્માનિત કર્યા હતા. ત્યારબાદ સમારંભમાં હાજર રહેલા ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓને સ્વ. જિતેન્દ્ર ચંદુલાલ શાહના સ્મરણાર્થે ઉષાબેન તરફથી વિદ્યાર્થીઓને પેન્સિલ સેટ આપી સન્માનિત કર્યા હતા.




અમદાવાદ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ અને એજ્યુકેશન સોસાયટીના ૩૧મા ઈનામ વિતરણ પ્રસંગે ગોલ્ડ પ્લેટેડ સુવર્ણચંદ્રકો, ચાંદીના ચંદ્રકો અને સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે હોદ્દેદારોની અને મહેમાનોની સમૂહ તસ્વીર નજરે પડે છે.

ધોરણ ૧ થી ૫ ના ઈનામો અને ધોરણ ૬ થી ૧૦ના ઈનામો અનુક્રમે અતિથિવિશેષશ્રી મનીષભાઈ સરૈયા અને શ્રી મયંકભાઈ સરૈયાને હસ્તે આપવામાં આવ્યા હતા. કોલેજ તેમજ સ્નાતક અને અનુસ્નાતકના ઈનામો એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ દિશાવાળ ગૌરવ શ્રી જગદીશભાઈ શાહના હસ્તે આપી વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતાં. ત્યારબાદ શ્રીમતી ઈન્દુબેન પ્રવિણચંદ્ર દેસાઈ તરફથી અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૧ થી ૧૨ માં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓને ચાંદીના ચંદ્રક આપી એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રી સુનિલભાઈએ સન્માનિત કર્યા હતા.

અંતમાં એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રી હિમાંશુ શાહે ૩૧મા ઈનામ વિતરણ અને મિલન સમારંભ પ્રસંગે પધારેલા મુખ્ય મહેમાન શ્રી હરીશભાઈ દુલ્લા અને અતિથિવિશેષ શ્રી મનીષભાઈ સરૈયા, ઈનામો મેળવનાર વિદ્યાર્થીઓ, જ્ઞાતિના હાજર રહેલ ભાઈ-બહેનોને સમારંભ દીપાવ્યો. તેમજ આ પ્રસંગે દાન આપનાર દાતાશ્રીઓ, સ્ટેજ, માઈક વિગેરેની વિનામૂલ્યે સેવા આપનાર લકી ડેકોરેશનવાળા શ્રી રિશિનભાઈ રાજેશભાઈ સરૈયા તેમજ પ્રસંગને દીપાવનાર શ્રી ગીરીશભાઈ શાહ, શ્રી નીરજ શાહ, હોદ્દેદારો, વ્યવસ્થાપક કમિટીના સભ્યો વિગેરેના આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમારંભ બાદ સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં આશરે ૩૫૦ જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



**શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ - જુના ડીસા**
E-mail : siddhambika@gmail.com
Web : www.siddhambikamataji.org
ટેલીફોન : (૦૨૭૪૪) ૨૭૨૨૭૬, ૦૯૪૦૮૦૧૯૩૪૨
ટેલીફેક્સ : (૦૨૭૪૪) ૨૭૨૫૭૫, ૦૯૯૨૪૫૭૨૨૭૬
દેના બેંક બચત ખાતા નંબર : ૦૭૧૭ ૧૦૦૦ ૨૨૮૧

**શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ ભોજનાલય, જૂનાડીસામાં જાન્યુઆરીમાં સવાર સાંજ થઈને સાદા ભોજનનો કુલ ૪૪ યાત્રાળુઓએ લાભ લીધો હતો તથા મિષ્ઠાન ભોજનનો કુલ ૭૦૪ યાત્રાળુઓએ ભોજનનો લાભ લીધો હતો.**

**શ્રીમતી ઈન્દુમતીબેન સુરેશભાઈ નાથાલાલ પરીખ અતિથિભવન**

શ્રીમતી ઈન્દુમતીબેન સુરેશભાઈ નાથાલાલ પરીખ અતિથિ ભવનમાં **જાન્યુઆરી-૨૦૨૩** દરમ્યાન ૩૦૮ યાત્રાળુઓએ લાભ લીધો હતો.

**શ્રી માતાજી રાજભોગ ભેટ ફંડ**

| | | |
|---|---|---|
| ૧૫૦૦/- | શ્રીમતી સચીબેન જયેશભાઈ | ભરૂચ |
| ૧૫૦૦/- | શ્રી વિહાંગભાઈ એચ. પરીખ | મુંબઈ |
| ૧૫૦૦/- | સ્વ. જગદીશભાઈ તનસુખલાલ પારેખ | મુંબઈ |
| ૧૫૦૦/- | શ્રી વિઆન રૂપેશભાઈ પટેલ | આણંદ |
| ૧૫૦૦/- | શ્રી ઋસી તુષારભાઈ શાહ | અમદાવાદ |
| ૯૦૦૦/- | શ્રી સુકેતુભાઈ રમણિકભાઈ શાહ | મુંબઈ |

**શ્રી નિભાવ ભેટ ફંડ**

| | | |
|---|---|---|
| ૧૩૦૦૧/- | શ્રી અજીતભાઈ શાહ, શ્રી હિરતભાઈ શાહ શ્રી તપનભાઈ શાહ | પુના |
| ૫૦૦૦/- | સ્વ. દેવેન્દ્રભાઈ ઘીયા હસ્તે શ્રી સુકેતુભાઈ શાહ | મુંબઈ |
| ૫૦૦૦/- | શ્રી સાહીલભાઈ સુકેતુભાઈ શાહ હસ્તે શ્રી સુકેતુભાઈ શાહ | મુંબઈ |
| ૧૦૦૦/- | શ્રી કેતનભાઈ ચંદ્રવદન પરીખ | મુંબઈ |
| ૧૦૦૦/- | શ્રી નિમેષભાઈ રમણલાલ શાહ | ડાકોર |
| ૧૦૦૦/- | શ્રી સુધીરભાઈ નટવરલાલ શાહ | પુના |

**શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ ભોજનાલય ફંડ**

| | | |
|---|---|---|
| ૨૦૦૦/- | શ્રીમતી કપીલાબેન નારણદાસ શાહ | લાંઘણાજ |
| ૧૦૦૧/- | સ્વ. સીતાબેન કનૈયાલાલ શાહ | અમદાવાદ |
| ૧૦૦૦/- | શ્રી પરેશભાઈ એમ. શાહ | વડોદરા |
| ૧૦૦૦/- | શ્રીમતી તલીકાબેન બીપીનભાઈ શાહ | લાંઘણાજ |
| ૧૦૦૦/- | શ્રી સુધીરભાઈ નટવરલાલ શ્રોફ | પુના |

**શ્રી માતાજી મનોરથ ભેટ ફંડ**

| | | |
|---|---|---|
| ૨૯૦૦/- | શ્રી મિહીરભાઈ ઉમેશભાઈ શાહ | પેટલાદ |
| ૨૯૦૦/- | શ્રી રસીકલાલ રણછોડદાસ ગુજરાતી હસ્તે શ્રી ઘનશ્યામભાઈ જમનાદાસ ગુજરાતી | ચોપડા |
| ૨૯૦૦/- | શ્રીમતી દેવલબેન મકવાણા | મુંબઈ |
| ૨૯૦૦/- | શ્રીમતી સ્નેહલબેન શૈલ પરીખ | મુંબઈ |
| ૨૯૦૦/- | શ્રીમતી ચૈતાલીબેન મોનીલ દોશી | મુંબઈ |
| ૨૯૦૦/- | સ્વ. પ્રકાશભાઈ રમણિકલાલ શાહ | અમદાવાદ |
| ૨૯૦૦/- | સ્વ. કુમુદબેન રમણલાલ શાહ | મુંબઈ |
| ૨૯૦૦/- | શ્રી ઋષિ તુષારભાઈ શાહ | અમદાવાદ |
| ૨૯૦૦/- | સ્વ. કાંતિલાલ શંકરલાલ શાહ | પુના |
| ૨૯૦૦/- | સ્વ. ગંગાબેન જમનાદાસ ગુજરાતી હસ્તે શ્રી ઘનશ્યામભાઈ જમનાદાસ ગુજરાતી | પુના |

**શ્રી નવચંડી હવન ફંડ**

| | | |
|---|---|---|
| ૧૫૦૦૦/- | શ્રી પ્રણવભાઈ મુકુંદભાઈ શાહ | કલોલ |
| ૧૫૦૦૦/- | શ્રી પરેશકુમાર મોહનલાલ શાહ | ડાકોર |
| ૧૫૦૦૦/- | શ્રીમતી હેતલબેન પાર્થ પંડ્યા | મહેસાણા |
| ૧૫૦૦૦/- | શ્રી ડાકોર દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ | અમદાવાદ |

**શ્રી સાદા હવન ફંડ**

| | | |
|---|---|---|
| ૫૦૦૦/- | શ્રી ચંદ્રકાન્તભાઈ રમણલાલ શાહ | આણંદ |
| ૫૦૦૦/- | શ્રી દર્શનભાઈ મધુસુદન શાહ | મુંબઈ |
| ૫૦૦૦/- | શ્રી નટવરલાલ શંકરલાલ મોદી | ગાંધીનગર |
| ૫૦૦૦/- | શ્રી રાજનભાઈ હિતેષભાઈ પરીખ | પાટણ |

**શ્રી સાડી ભેટ ફંડ**

| | | |
|---|---|---|
| ૧૦૦૦/- | શ્રી અજયભાઈ ઠાકોરલાલ શાહ | અમદાવાદ |
| ૧૦૦૦/- | શ્રી કેયુરભાઈ શાહ | અમદાવાદ |

**શ્રી અનાજ સહાય ફંડ**

| | | |
|---|---|---|
| ૧૦૦૧/- | સ્વ. વિઠ્ઠલદાસ લક્ષ્મણદાસ સુગંધી | મુંબઈ |
| ૧૦૦૧/- | સ્વ. રૂખમણીબેન વિઠ્ઠલદાસ સુગંધી | મુંબઈ |

**શ્રી માતાજીને ભેટ ફંડ**

| | | |
|---|---|---|
| ૫૦૦૦/- | શ્રીમતી પ્રેક્ષાબેન જીતેનભાઈ છેડા | મુંબઈ |
| ૧૦૦૧/- | શ્રી ઋષિભાઈ વૈષ્ણવ | અમદાવાદ |
| ૧૦૦૦/- | સ્વ. શર્મિષ્ટાબેન રસીકલાલ પરીખ હસ્તે શ્રી પલ્વ વ્યોમેશભાઈ પરીખ | પાટણ |
| ૧૦૦૦/- | શ્રી રૂચીકભાઈ શાહ | વડોદરા |
| ૧૦૦૦/- | શ્રીમતી રચનાબેન કમલેશભાઈ પરીખ | અમદાવાદ |
| ૧૦૦૦/- | શ્રી સમસ્ત નવગામ વિશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ | કાંદિવલી (મુંબઈ) |

**શ્રી શૈક્ષણિક સહાય ફંડ**

| | | |
|---|---|---|
| ૩૦૦૦/- | શ્રી ઋષી તુષારભાઈ શાહ | અમદાવાદ |

**શ્રી આર્થિક સહાય ફંડ**

| | | |
|---|---|---|
| ૧૧૦૦૦/- | શ્રીમતી મિહીકાબેન અભિષેકભાઈ પરીખ | મુંબઈ |
| ૧૦૦૦૦/- | શ્રીમતી સુભદ્રાબેન કાંતિલાલ પરીખ | મહેસાણા |
| ૫૦૦૦/- | સ્વ. દેવેન્દ્રભાઈ ઘીયા હસ્તે શ્રી સુકેતુભાઈ શાહ | મુંબઈ |
| ૫૦૦૦/- | શ્રી સાહીલભાઈ સુકેતુભાઈ શાહ હસ્તે શ્રી સુકેતુભાઈ શાહ | મુંબઈ |
| ૩૦૦૦/- | શ્રી ઋષિ તુષારભાઈ શાહ | અમદાવાદ |
| ૨૦૦૦/- | એક વૈષ્ણવ | મુંબઈ |

**શ્રી હવન લાવા ભેટ**

| | | |
|---|---|---|
| ૧૦૦૦/- | શ્રી યશભાઈ અમિતભાઈ શાહ | મુંબઈ |
| ૧૦૦૦/- | શ્રી યશભાઈ અમીતભાઈ શાહ | મુંબઈ |

**શ્રી માતાજી ભંડારા ફંડ**

| | | |
|---|---|---|
| ૧૦૦૦/- | શ્રી દિપકભાઈ શાહ | અમદાવાદ |

**શ્રી માતાજીને વસ્તુદાન ભેટ - સોનાની/ચાંદીની/ઈમીટેશન**

| | | |
|---|---|---|
| ૧૬૦૦/- | શ્રી હર્ષલભાઈ તુષારભાઈ મહેતા - ચાંદીનું છત્ર | વડોદરા |
| ૧૪૦૦/- | શ્રી નરેન્દ્રભાઈ સી. દેસાઈ - ચાંદીનું છત્ર | અમદાવાદ |
| ૧૧૦૦/- | શ્રી કૌશલભાઈ બી. શાહ - ઈમીટેશન શૃંગાર | અમદાવાદ |
| ૧૦૦૦/- | શ્રી સચી જયંતભાઈ શાહ - ઈમીટેશન મોતીના હાર-૨, હાર-૧ | ભરૂચ |
| ૮૫૦/- | શ્રી ડાકોર દશા દિશાવાળ સમાજ - ચાંદીનો સિક્કો ૧૦ ગ્રામ | અમદાવાદ |

સમારંભ ના સ્વાગત પ્રમુખ **શ્રીમાન સુભાષભાઈ આર. શાહ** ની સાદગીથી સમગ્ર સભાખંડ મગ્ન થઈ ગયો હતો. એમણે પણ તેમની ખુબ જ સાદી સરળ વાત સમારંભ માં રજુ કરી હતી.





મુખ્ય મહેમાન **શ્રીમાન સૌરીનભાઈ જે. પરીખ** એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ અને ભામાશા એવા સૌરીનભાઈ એ પણ સમાજ ઉપયોગી ઉદબોધન આપ્યું હતું.





એવાજ બીજા મુખ્ય મહેમાન **શ્રીમાન વિરેનભાઈ એ શાહ** જે જાણીતા જનરલ સર્જન છે જેમણે બધા જ લગ્ન ઉત્સુક યુવક યુવતીને આશીર્વચન આપ્યા હતા.





**"શ્રી મુંબઈ દિશાવાળ સમાજ"** ના ઉપપ્રમુખ દિ. ગૌરવ શ્રી વિજયભાઈ એન. શાહ દ્વારા આ સમગ્ર કાર્યક્રમ ની પ્રશંષા કરવામાં આવી હતી, અને શ્રી અમદાવાદ દિશાવાળ સમાજને અભિનંદન આપ્યા હતા.





**અતિથિ વિશેષ તરીકે શ્રીમાન ભાવિનભાઈ એસ. શાહ દ્વારા પણ સમાજને શુભેચ્છા પાઠવી હતી અને કાર્યક્રમની પ્રશંસા કરી હતી.**







**એક યંગ બિઝનેસ મેનશ્રી યશ વિ. શાહ પણ મંચ શોભાવ્યું હતું, અને શુભેચ્છા આપી હતી.**







## સમાજના હોદ્દેદાર/કાર્યકર્તા ઓનું સન્માન



## શ્રી કિરીટભાઈ કાંતિલાલ શાહ [પ્રમુખ SVVP બૃહદ]
## "લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા.




## શ્રીમતિ સરલાબેન અરવિંદભાઈ શાહ [ચેરપરસન લેડીઝ વિંગ]
## "સ્ત્રી સેવા સન્માન" થી સન્માનિત કરવામાં આવ્યા.




## દિશાવાળ રત્ન સ્વ. શ્રી રસિકલાલ નાથાલાલ શાહ [રંગવાલા]
## આદ્યસ્થાપક - શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ "દિશાવાળ શિરોમણિ મરણોત્તર એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા.



## લગ્ન ઉત્સુક યુવક-યુવતીનો સ્ટેજ પરિચય



From :

**SHRI AHMEDABAD DISHAWAL SAMAJ**

Ojas Bhavan, Opp. State Bank of India,
Astodia Road, AHMEDABAD - 380 001.
Phone : 079 - 2214 6803

To,

• EDITOR : SHRI DEVANG PRAVINCHADRA DESAI
• OWNER : SHRI AHMEDABAD DISHAWAL SAMAJ
• PUBLISHER & PRINTERS : SHRI JAGDISHBHAI S. SHAH Email : dishawalsaurabh@yahoo.com
• Printed At : OJAS PRINTERS & STAT., Ojas Bhavan, Opp. State Bank of India, Astodia Road, AHMEDABAD - 380 001.